**BBQ-001-001627** Seat No. ________

## B. A. (Sem. VI) (CBCS) Examination

**July – 2021**

## Gujarati : Paper - 22

*(અપઠિત: કાવ્યનો આસ્વાદ, ગદ્યખંડનું વિવરણ, સાહિત્યિક - સાંસ્કૃતિક નિબંધો)*
*(મુખ્ય) (Old Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001627**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

સૂચના : (૧) બધા ફરજીયાત પ્રશ્નો છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ ૧૪ છે.

૧. નીચેના કાવ્યનો આસ્વાદ કરો.

સાગર અને શશી

આજ! મહારાજ! જલ પર ઉદય જોઈને

ચન્દ્રનો હૃદયમાં હર્ષ જામે,
સ્નેહઘન કુસુમવન વિમલ પરિમલ ગહન,
નિજ અગન માંહી ઉત્કર્ષ પામે;
પિતા! કાલના સર્વ સંતાપ શામે!

નવલ રસ ધવલ તવ નેત્ર સામે!
પિતા! કાલના સર્વ સંતાપ શામે!

જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહિ સરતી;

કામિની કોકિલા કેલિ કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી.
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!
તરલ તરણી સમી સરળ તરતી!
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!

– 'કાન્ત'

અથવા

રસ્તા વસંતના

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલોએ બીજું કૈં નથી, પગલાં વસંતના.

મલયાનિલોની પીંછી ને રંગો ફૂલો ના લૈ,
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના!

આ એક તારા અંગે ને બીજો ચમન મહીં,
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના!

મહેંકી રહી છે મંજરી એક એક આંસુમાં,
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના!

ઊડી રહ્યા છે યાદના અબીલ ને ગુલાલ,
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના!

- મનોજ ખંડેરિયા

૨. નીચેના ગદ્યખંડનું વિવરણ કરો.

સાચું બોલવામાં કોઈ લાભ નથી. એમ કરવાથી શત્રુ અને સમસ્યાઓ વધે છે. ભૂલ કબુલ કરવાની તૈયારી વગર સત્યની ઉપાસના થઈ શકતી નથી. જર્મન ચિંતક ગોથ કહે છે કે નુકશાનકારક જણાતું સત્ય પણ ઉપયોગી છે કારણ કે તે થોડાક સમય માટે જ નુકસાન કરે છે. પરંતુ લાભકારક જણાતી ભૂલ નુકસાનકારક છે. ગાંધીજી પ્રભાવશાળી ન હતા એમનું સત્ય જ પ્રભાવશાળી હતું. સત્યાગ્રહ એટલે સત્યનો આગ્રહ.સત્ય સંસ્કુતિનો એ પાવનકારી પ્રવાહ પહેલા છેક ઋગ્વેદના કાળથી શરુ થયો હતો અને રામ પછી પણ ચાલુ રહ્યો છે તેની પ્રતીતિ મહાત્મા ગાંધીએ વિશ્વને કરાવી. સત્ય સ્વયમ એક પ્રકારની ઉર્જા છે ગાંધીજીએ સત્ય ઉર્જાનો પરિચય જગતને પોતાની જીવન ચર્યા દ્વારા કરાવ્યો. સત્યવચન નિર્ભયતા માંગે છે.સત્યને ભોગે સમાધાન કરે તે ગાંધી નહિ.

- ગુણવંત શાહ

અથવા

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો, મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે. એટલું જ નહિ ઉપાધી પણ મેળવે છે, છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે પણ તીર્થનું સાચું ફળ બધાં મેળવી શકતાં નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહિ, મેળવવાની વસ્તુ લે નહિ તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં પુરાઈ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા પણ જવાને તેઓ પુણ્ય માને છે, પામવાને નહિ. તેઓ અમુક જળ અથવા અમુક માટીમાં કોઈ વિશેષ ગુણ રહેલો છે એમ માને છે. આખા દેશમાં સાધનામાર્જિત ચિત્તશક્તિ જેમ જેમ મલીન થતી ગઈ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઈ તે વાત કબૂલવી જ પડશે.

- રવીન્દ્રનાથ ટાગોર

૩. નીચેનો નિબંધ લખો.

નવી પેઢીનો પ્રશ્ન : જીવનસાથીની પસંદગી.

અથવા

અભ્યાસમાં વિદ્યાર્થીની પ્રવાહ પસંદગીની સમસ્યા.

૪. નીચેનો નિબંધ લખો.

વર્તમાનપત્રો અને ટીવી : લાભ – ગેરલાભ

અથવા

સુધારકયુગના સાહિત્યમાં સમાજાભિમુખતા

૫. નીચેનામાંથી કોઈ પણ બે નોંધ લખો.

[૧] તમારી પ્રિય જીવનપ્રેરક સાહિત્યકૃતિ

[૨] સાહિત્ય અને ધર્મ.

[૩] ઈન્ટરનેટનો શૈક્ષણિક માધ્યમ તરીકે ઉપયોગ.

[૪] જીવન મૂલ્ય તરીકે સાહિત્યમાં ગાંધીવિચાર